આમુખ

કુદરત આપણા જીવન માટે ખુલ્લી કિતાબ જેવી છે. હસતા ગુલાબમાં બાળકની કોમળતા અને પ્રસન્નતાનો મલકાટ નીહાળવા માટે વિશેષ પ્રયત્નની જરૂર નથી. ઝાંકળનાં ટીપમાં હર્ષ અને વિષાદ બન્નેની વ્યંજના સાકાર નીહાળવી અશક્ય નથી જ. કુદરતની નજીક જતા કુદરત આપણને ઘણું ઘણું શીખવે છે. સહાનુભૂતિ અને સહૃદયતા કુદરતની નજીક જતા સહજ બને છે.

પણ કુદરતમાં કેવળ ફૂલ જ નથી હોતા. ત્યાં કાંટા, ઝાંખરાં પણ હોય છે અને પશુ પક્ષી પણ છે. અને દરેક તેમની મૌન વાણીમાં ઘણું ઘણું કહેતાં હોય છે. આપણે સમજીએ ને સમજવાની કોશીશ કરીએ તો દરેક પાસેથી ઘણું ઘણું મેળવી શકીએ.

कुछ गद्य कुछ तथ्य માંની કેટલીક રૂપક કથાઓ દ્વારા કુદરતને સમજવાનો, તેની નજદિક જવાનો મેં પ્રયત્ન કર્યો છે. બીજી કેટલીક કથાઓ પ્રિયવક્તા પં. મુનિશ્રી. વિનયચંદ્રજી મહારાજના પ્રવચનોમાંથી લીધી છે. તો કેટલીક કથાઓ कुछ मोती कुछ सीप અને धरती के फूल और आकाश के तारे' માંથી આભાર લીધી છે.

આ પુસ્તક 'સન્મતિ પ્રચારક સંઘ' દ્વારા બે વર્ષ અગાઉ હિન્દીમાં છપાયું હતું, 'ગુજરાતી જનતાને પણ તેનો લાભ મળવો જોઈએ' તેઓ 'સન્મતિ પ્રચારક સંઘના સંચાલક શ્રી. મગન-[illegible] [illegible] આદર [illegible]. [illegible] [illegible] [illegible] ગુજરાતી સંસ્કરણ આજે ગુજરાતી જનતાના હાથમાં આપ્યું છે.

[illegible]

મુનિ [illegible]

"પ્રકાશક તરફથી"

પ્રિયવક્તા પંડિત રત્ન પૂજ્ય વિનયચંદ્રજી મહારાજ સાહેબના પ્રવચનો, "જીવન સાધના" "જીવન સૌરભ" અને "જીવન લક્ષ્ય" એમ ત્રણ પુસ્તકો દ્વારા પ્રગટ થયા. આ પુસ્તકો સમાજમાં ઘણાં આદર પામ્યા, લોકપ્રિય થયાં. એની પ્રતો ઝડપભેર જનતાએ મેળવી લીધી અને વધુ ને વધારે માંગ આવવા લાગી જનતાની માંગણીને માન આપી બધાં પ્રવચનોને સાંકળીને "જીવનનો વૈભવ" એ નામનું દળદાર પુસ્તક અમદાવાદના શ્રી. સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘે પ્રગટ કર્યું.

"શાસ્ત્રી" "સાહિત્ય રત્ન શ્રી. મનોહરમુનિજી એ પ્રસિદ્ધ વક્તા પં. શ્રી. સૌભાગ્યમલજી મહારાજના શિષ્ય હોવા છતાં પૂજ્ય વિનયચંદ્ર મહારાજની સાથે સહોદરની માફક રહી, ઘણી નાની ઉમરમા સારૂ જ્ઞાન સંપાદન કર્યું. "ઈસી-ભાસિયાઇં સુત્ત"નો જુદી જુદી ભાષામાં અનુવાદ કરી, એમણે સમાજમાં કોઈ અનોખી પ્રશંસા અને પ્રતિષ્ઠા મેળવી—પોતે સ્વતંત્ર અને તટસ્થ વિચારક છે. એમની પ્રવચન શૈલી ઘણી સચોટ અને આકર્ષક છે.

"કુછ સત્ય કુછ તથ્ય" નામનું નાનુ પુસ્તક હિન્દીમાં, એમના તટસ્થ અને સુંદર વિચારોના અભિનવ તરીકે પ્રગટ થયું. વૃદ્ધ, યુવક અને બાળકો સૌને, એમાની નાની વાતો બહુ ગમી. વાંચતાં સૌને જાણે કુદરત સાથે તાલ મિલાવી વાતો કરતા હોઈએ એવું જ લાગે. ગુજરાતીમા આ પુસ્તિકા પ્રગટ થાય એવી માંગણીઓ થવા લાગી. અને આજે એ પુસ્તિકા ગુજરાતીમાં પ્રગટ કરી વાંચકોના કર કમળમાં મુકતાં અમને ઘણો હર્ષ થાય છે.

આ ગુજરાતી પ્રકાશન માટે અ. સૌ. તારાબહેન કીર્તિલાલજી ભાઈ ઝવેરી તરફથી અમને આર્થિક સહકાર મળ્યો છે તેમનો આ તકે અમો આભાર માનીએ છીએ. જૈન જૈનેતર સૌ કોઈ, આવા આનંદિત ટુચકાઓ સમયરૂપ, મનોરંજન સાથે, અને વિદ્વત્તાથી ભરેલી, કુદરતનો પરિચય કરાવતી, ધાર્મિક ભાવથી સંકલિત, આ નાની પુસ્તિકાનો લાભ લીએ, જીવનમાં શાંતિ અને સૌરભ અનુભવે, ગ્રહણ કરે. એ જ અભ્યર્થના.

શ્રી સન્મતિ પ્રચારક સંઘ,
૧૬૭ બજારગેઈટ,
કોટ, મુબઈ-૧.
તારીખ ૧૪ ડીસેમ્બર ૧૯૬૪

મગનલાલ પી દોશી.
સંચાલક:
શ્રી. સન્મતિ પ્રચાર સંઘ
મુંબઈ



૧ | વંટોળિયો અને હવા

એક સમયે વંટોળિયો હવાને મળ્યો, અને કહ્યું. 'જો સાંભળ બહેન તું કેવી મંદાલસ ચાલથી ચાલે છે! તું ક્યાંથી આવે છે, અને ક્યાં જાય છે. એની કોઈને ખબર પણ પડતી નથી. આપણા અસ્તિત્વની બીજાને ખબર પણ ન પડે એને કોઈ જીવતર કહેવાય? મારું નામ સાંભળતાં જ મોટા મોટા વિશાળ વૃક્ષો ટોચથી મૂળસુધી કાંપી ઉઠે છે, વેધશાળાના યંત્રો ધ્રુજવા લાગે છે. સમુદ્રના પાણી મારા સ્વાગત માટે ઉંચા ઉંચા ઉછળવા લાગે છે. મારી એક ફૂંકે મોટા મોટા વૃક્ષો જોવા કંઈક ક્ષણ માત્રમાં ટેબલ ઉપર ઊભેલી પેન્સીલની માફક ધરાશાયી થઈ જાય છે.'

વંટોળિયાની વાતો શાંત ભાવે સાંભળતાં સાંભળતાં હવા હસવા લાગી અને પછી જરા ગંભીર થઈ વચમાં જ બોલી પડી: 'હા ભાઈ હા, તમારા રૂઆબ અને તમારા સ્વાગતની વાત હું જાણું છું. તમારા સમાચાર સાંભળતાં જ લોકો ઘરના બારી બારણાં બંધ કરી દે છે, ખલાસીઓ મુસાફરી થોભાવી દે છે. ઝાડપાન, પશુ, પક્ષી, સૌ કોઈ તમારી વિદાયની રાહ જુએ છે. આવો તમારો રૂઆબ, ને આવું તમારું સ્વાગત! તમારો રૂઆબ તમને મુબારક. જ્યારે મારે માટે તો લોકો તલસે છે. ગરમીના દિવસોમાં તો ખાસ વિશેષ. અને હું ચાલી જાઉં નહિ તેને માટે સતત ચિંતા કર્યા કરે છે. બારી બારણાં ખોલી નાંખે છે. પશુ પક્ષી પણ મારો કોમળ સ્પર્શ થતાં ખુબ ખુશાલ થઈ નાચી ઉઠે છે. હું સુંપાળીથી અને ધીમે પગલે

આવું તે તેમને ગમે છે. હું સદાય તેમની સાથે જ રહું તેમ ખરા દીલથી ઇચ્છતા હોય છે. વનના વૃક્ષો તમારાથી ધ્રુજે છે, તે મારી સાથે પ્રેમ કરે છે. ભાઈ, બને તો કોઈના કામમાં આવો પણ કોઈના નાશ અથવા અહિતના નિમિત્ત તો ન જ થાઓ. તમારો રુઆબ તમને મુબારક.'

વટોળિયો નિરુત્તર થઈ ગયો. અને આંખો ચોળતો ચોળતો વિદાય થઈ ગયો.

❋

૨ | 'સુખની શોધમાં'

સમુદ્ર મંથનના પરિણામે દેવોને ઘણું ઘણું મળ્યું હતું. તેમાં 'સુખનો ઘડો' પણ હતો. પણ આ ઘડો માણસ ઉઠાવી ન જાય તે માટે તેને સંતાડેલો હતો. પણ ક્યાં સંતાડેલો તે સવાલ સૌને મુંઝવતો હતો. તેમાં વિચાર [illegible]

પાતાળ જ છે. પાતાળની અંધારી ગુફા સુધી તેનાથી પહોંચી શકાય તેવું નથી.' બીજા એક દેવે માથું ધુણાવતા કહ્યું : 'માનવનું ભલું પૂછો તો તો સાતમી નરક સુધી જઈ શકે છે.' આ ચર્ચા દરમાન એક દેવે ઉભા થઈને કહ્યું : 'સુખ સંતાડવાનું તદ્દન સુરક્ષિત સ્થાન હું બતાવું. ત્યાં માનવ કોઈ પણ કાળે પહોંચી શકવાનો નથી. સુખને માનવ હૃદયની અંધારી ગુફામાં સંતાડી મૂકો. આખી દુનિયાને ઉપર તળે કરી શકનાર માણસને તેના હૃદય તરફ વળવાનો સંકલ્પ પણ થવાનો નહિ. તેજ સંપૂર્ણ સુરક્ષિત સ્થળ છે' સૌ દેવોએ આ સૂચન મંજૂર રાખ્યું. અને માનવ જીવનમાં આ વાત ફલિતાર્થ થતી આપણે જોઈએ છીએ. સુખની શોધમાં સમગ્ર જગતને ઉપર નીચે કરવાની શક્તિવાળો માનવ કદી પણ પોતાના અંતર તરફ ડોકિયું કરવાનો સંકલ્પ પણ કરતો નથી.

૩ 'સરોવર ઉવાચ'

મરત ચાલથી વહી જતી નદીને ઉદ્દેશીને એક સરોવર બોલી ઉઠ્યું : 'આખરે તો ઓની જાતને ! સ્ત્રીને વળી બુદ્ધિ કેવી !' આ સાંભળી નદી ક્ષણભર થંભી ગઈ અને બોલી ઉઠી : 'માની લો કે બુદ્ધિનો અક્ષય ભંડાર તમારી પાસે છે. પણ નીરને બેઠા બેઠા આમ સડક કરવાનું કોઈ કારણ ?'

'પોતાની સમગ્ર મિરાત સમુદ્રમાં વહાવી દેનારમાં બુદ્ધિ હોવાની કલ્પના કેવી રીતે આવે ભલા ! પોતાના મીઠા જળને ખારું બનવા દઈને કોઈને પીવા લાયક ન રાખવું એ નર્યું ગાંડપણ નહિ તો બીજું શું છે !'

સ્વસ્થતાથી નદીએ જવાબ આપ્યો : 'સંપત્તિના સંગ્રહમાં મને વિશ્વાસ નથી. બદલાની આશા વિનાજ હું આપી જાણું છું. ખરા ખોટા ઉપયોગ અને પરિણામ માટે લેનાર જવાબદાર છે, દેનાર નહિ. આપવું એ જ મારું જીવન છે.' આમ કહી નદી જવાબની રાહ જોયા વિના આગળ ચાલી ગઈ.

પણ સમયના વહેવા સાથે સરોવરનું જીવન ધન સુકાવા લાગ્યું. અને છેવટે ઉનાળામાં જીવન રસનું છેલ્લું ટીપું નાશ પામવાની તૈયારીમાં આવ્યું. આમ સરોવરનો જીવન દીપ બુઝાતો જોઈ તાપસ કન્યા જેવી ક્ષીણ કાય નદી બોલી ઉઠી. 'હે સંગ્રહના વિશ્વાસુ? તારી જલ સંપત્તિ ક્યાં ગઈ? એક દિવસ તું મારી ઉદારતાની મશ્કરી કરતો હતો. આજે તારો સર્વનાશ જોઈ કરુણા આવે છે. તેં કોઈને આપ્યું નહિ. ત્યાં આજે તારી સંપત્તિ સાથે તું પણ નાશ પામવાની તૈયારીમાં છે. પણ હું આજે પણ દુબળી દુબળી છતાં વહી રહી છું. કારણ કે હું વહેતી જાઉં છું. આપતી જાઉં છું.'

*

૪ : 'પતંગ
વિશ્વાસુ'

પતંગનો દોર કપાઈ ગયો. પરિણામે દોરનું બંધન છૂટી ગયું. તે ખુશી થયો 'હવે જેટલું ઉંચે ઉડવું હશે તેટલું ઉંચે ઉડીશ.' પણ બીજી જ ક્ષણે તેને પોતાની ઉન્નતિને બદલે અવનતિ થતી જોઈ. અને દુઃખી દુઃખી થવા લાગ્યો. અને થોડાક સમયમાં જ ધૂળમાં જઈ મળ્યો. હવે તે ફરી વિચારવા લાગ્યો. 'આવી સ્વતંત્રતા કરતા તો દોરીનું બંધન સારું હતું. ઊંચે આકાશનો ખુલ્લો પ્રકાશ અને ખુલ્લી હવા તો મળતા હતા. દરેક બંધન અવનતિના કારણ હોતા નથી. ઘણી વખત બંધનથી જ મીઠાશ અનુભવાય છે બંધન જ સુખનું કારણ બને છે. વીણામાં બંધાયેલા તારમાંથી મધુર સંગીત ટપકે છે. છુટા તાર ઘણી વખત પડયા પડયા કટાય છે.'



૫ | બધા વાદળાઓ સરખા નથી હોતા

અષાઢના વાદળ ઉમટ્યા, અને એક ઘનઘોર વાદળું આવ્યું અને તરસ્યા ચાતકે તેની સામે આશાભરી મીટ માંડી. પણ વાદળું આવ્યું તેવું જ ચાલ્યું ગયું. તરસ્યું ચાતક નીરાશ બની ગયું. વળી નવું વાદળું આવતું જોઈને આશાએ ચાતક થનગની ઉઠ્યું. અને હૃદયનો આનંદ કંઠમાં લાવી પોકારી ઉઠ્યું. પણ ચાતકનો એક પણ પોકાર સાંભળ્યા વિના વાદળા આવ્યાં તેવા જ ચાલી ગયા.

ચાતકની એકપણ આરજુ વાદળે જ્યારે નજ સાંભળી, અને તેથી ગમગીન થઇ ગયું, ત્યારે પાસે ઉભેલો એક વિદ્વાન બોલી ઉઠ્યો- 'હે ચાતક ! તું ખરેખર તદ્દન ભોળું જણાય છે. વાદળાનો વૈભવ જોઈને ભીખારીની માફક આશાએ તું પોકારી રહી છે, પણ વૈભવમાં દિલની વિશાળતા જોવી એ પોતાની મુર્ખાઈનું પ્રદર્શન કરવા જેવું છે. કેટલાક ઘનઘોર વાદળ પોતાના રૂપ-વૈભવ બતાવીને પસાર

થઈ જાય છે, તો કેટલાક વાદળ ગડગડાટ કરી પોતાના વૈભવનું પ્રદર્શન કરી આગળ નીકળી જાય છે. પણ વરસતા નથી. વરસે છે તો નાની નાની વાદળીઓ અને તે પણ ચૂપ ચાપ આવીને. હે ભોળા ચાતક! ધનઘોર વાદળાના રૂપ અને ગડગડાટ પાછળ ઘેલો ન થા. દિલની વિશાળતા અને ઉદારતાને ઓળખતા શીખ "

※

૬ | 'મીણબત્તી અને પતંગીયું'

'હું મીણબત્તી છું. હું ક્ષણે ક્ષણે ધીમે ધીમે બળતી રહી છું. બળવું એ મારો ધર્મ છે. હું ઉત્પન્ન થઈ તે ક્ષણે જ મને લાગ્યું હતું કે હું બળતાં બળતાં મરીશ. બળવામાં મને કોઈ અંગત સ્વાર્થ નથી. માર્ગ ભૂલેલા મુસાફરના અંધારા માર્ગને પ્રકાશિત કરવા માટે જ હું બળતી રહી છું. જ્યારે હું કોઈ મુસાફરને કંકર-કાંટાથી બચાવું છું, ત્યારે હું મારી જાતને ધન્ય માનું છું. અને બળવાની વેદના ભૂલી જાઉં છું.

'હું તો બળું છું; પણ પ્રિય પતંગીયા! તું મારી સાથે શા માટે બળે છે? હું તો બીજાને પ્રકાશ આપવા માટે બળું છું. પણ તારા બળવાથી કોઈ અર્થ નથી. તો પછી શા માટે મારી સાથે [illegible] બળે છે?'

૭ 'વિશ્વકર્માનો આદેશ'

વિશ્વકર્માએ સૃષ્ટિનું સર્જન કર્યું પછી ફૂલને આદેશ આપ્યો 'તું હમેશાં સુગંધ ફેલાવતું રહેજે.'

વાદળને આદેશ આપ્યો 'પવનની પાંખે વ્યોમમાં વિહરજે, પણ તારું ખરું કામ તો ધરતીની તરસ છીપાવવાનું છે તે ભૂલીશ નહિ.' વૃક્ષને આદેશ આપ્યો 'તાપ તડકો સહન કરીને પણ ઠંડક અને છાંયો આપજે. તારાં ફળ-ફૂલ માનવને પ્રેમથી આપજે.' નદીને આદેશ આપ્યો 'તું કલકલ કરતી વહેજે, પણ માનવીની તૃષા છીપાવવાનું તારું મુખ્ય કાર્ય છે. તે ભૂલતી નહિ.'

પણ શ્રેષ્ઠ સર્જન માનવને વિચિત્ર અને મહાન આદેશ આપ્યો 'આ દુઃખમાંથી સુખનો કણ શોધ' આ અંધકારમાંથી માર્ગ મેળવ, મૃત્યુમાંથી અમરતાનો માર્ગ ખોળી કાઢ, અસત્‌ વચ્ચેથી સત્‌નો માર્ગ અપનાવ.' માનવ જેવા શ્રેષ્ઠ સર્જનને તો આવી મહાન જવાબદારી જ હોય ને!

*

૮ 'ગુલાબ અને કાંટા'

ઉષાના હાસ્ય સાથે ગુલાબની ડાળ ઉપરની કળી ખીલી ઉઠી. અને પ્રથમ દર્શને જ તેની દૃષ્ટિ પાસે પડેલા કાંટા ઉપર પડી. અને તે બોલી ઉઠી 'અરે તું અહીં શા માટે આવ્યો?'

કાંટા જવાબ આપે તે પહેલાં તો ત્યાં માળી આવી પહોંચ્યો,

અને ખીલેલું ફૂલ ચુંટવા હાથ લંબાવ્યો. પણ અસાવધાનીને લીધે હાથમાં કાંટો ભોંકાયો. અને માળી પાટો બાંધવા પાછો ફર્યો.

આ જોઈ કળી બોલી ઉઠી 'હે તીક્ષ્ણ કાંટા ? તું કેવો નિર્દય છે ? માનવ મને પ્રેમ કરવા મારી પાસે આવ્યો, અને તું એની આંગળીએ ભોંકાયો. તારો જન્મ જ ન થયો હોત તો વધારે સારૂં. તારા વિના દુનિયા રાંડી ન થાત.'

કાંટો સ્વસ્થ થઈ બોલ્યો 'મારો જન્મ ન થયો હોત તો શું થાત, એ તો દૂરની વાત થઈ, પણ પ્રેમના માર્ગમાં કાંટા તો રહે-વાના જ, કાંટાથી ડરનાર કદિ પ્રેમને પીછાણી શકતો નથી. મારા જન્મ સંબંધે તે પ્રશ્ન કર્યો તો હું કળી ? સાંભળ. મારો જન્મ ન થયો હોત તો બીજાનું તો થવાનું હોત તે થાત. પણ તારા તો ક્ષણ માત્રમાં જ રામ રમી ગયા હોત. માળીની આંગળીઓએ તને ચુંટી લીધું હોત. તારે માટે અને તારી રક્ષા માટે જ મારો જન્મ થયો છે એ વાતની તને ખબર નથી, તેથી દુનિયાની સાથે તું પણ મને બદનામ કરવા નીકળી છે, પણ હું મારું કામ બજાવી શકું તો નામ-બદનામની મને કોઈ પરવા નથી.'

*

૯ 'ફૂલ અને
ભ્રમર'

બીજે જ દિવસે એક શિલ્પીની નજરે તે પત્થર ચઢ્યો તે નાચી ઉઠ્યો, કળાકાર તેને ઘણા જ ભાવ અને પ્રેમથી પોતાની સાથે લઈ ગયો. અને તેમાંથી એક સુંદર મૂર્તિ બનાવી. અને તે મૂર્તિની પ્રતિષ્ઠા એક સુંદર મંદિરમાં કરવામાં આવી. ભવ્ય મહોત્સવ કરવામાં આવ્યો. અને મૂર્તિના ચરણે ફૂલ ધરવામાં આવ્યા.

ફૂલ મૂર્તિ તરફ જોઈ રહ્યું. આથી કાંઈક ઓળખ્યાને મૂર્તિ બોલી 'મારી ઓળખાણ ન પડી? હું તેજ પત્થર છુ. એક દિવસ મને જોઈને તમે ઘૃણાથી આંખો ફેરવી લીધી હતી. આજે તમે મારા ચરણે રહેવામાં ધન્યતા અનુભવો છો જગત પરિવર્તનશીલ છે. તે કદિ ભૂલશો નહિ. પરિવર્તનના નિયમને સમજો. રૂપ–વૈભવના ગુમાનમાં બીજાનો કદિ તિરસ્કાર ન કરો."

*

૧૦ | આંખોએ જોયું પણ....

આંખ બોલી 'આહા! કેવું સુંદર! કેવું રમ્ય! કેવો વિશાળ રમ્ય પર્વત! પોતાના લીલાછમ સૌન્દર્યથી મારી સામે કેવો જોઈ રહ્યો છે? આહા! ભવ્ય, સુંદર, સુંદર!'

આંખની વાત સાંભળી અધીરા કાન વચમાં જ બોલી ઉઠ્યા 'પર્વત? ક્યાં છે પર્વત! મને તો એનો બિલકુલ અવાજ સંભળાતો નથી.'

વચમાં જ હસતો હસતો હાથ કૂદી પડ્યો, આંખરાણી! 'પહાડ' એક નવું ગપ્પું જ છે. ઘણા સમયથી પહાડનો સ્પર્શ કરવા મથુ છું પરંતુ હજુ સુધી મને તેનો યથાશરૂપ નથા. હોય તો સ્પર્શ થાય ને?

નાક બોલ્યું 'અરે હા! પર્વત જ નથી. સામે હોય તો મને ગંધ આવ્યા વિના રહે? નાનકડા ગુલાબની મને ગંધ આપે છે, તો આંખ રાણી! તમે કહો છો એવડા મોટા પર્વતની ગંધ કેમ ન આવે?"

આંખ શું જવાબ દે? આંખ મુંગી થઈ ગઈ. જરા ગમગીન થઈ તેણે પોતાની દૃષ્ટિ નીચી ઢાળી દીધી. ત્યારે કાન, નાક અને હાથ પરસ્પર કહેતા હતા 'આંખ આમ તો સારી છે. પણ હમણાં હમણાં તેને ભ્રમણા થવા લાગી છે. તેને રોજ રોજ નવું નવું દેખાવા લાગ્યું છે.'

*

૧૧ | 'દાડમના દાણા'

બીજો દાણો—જ્યારે હું પણ તારા જેવો નાનો હતો, ત્યારે તારા જેવા જ વિચિત્ર સ્વપ્નો સેવતો હતો. પરંતુ ભાઈ! યાદ રાખ, જાગૃત અવસ્થા સ્વપ્ન જેવી મધુર અને રમ્ય હોતી નથી. અનુભવે મારા વિચિત્ર સ્વપ્નો છુટી ગયા અને મને સ્પષ્ટ સમજાયું છે કે નાદાન આશા રાખવી એ ઝાંઝવાના નીર જેવું છે.

ત્રીજો દાણો—(વચમાં જ બોલી ઉઠ્યો)—આપણું ભવિષ્ય બહુ ઉજ્વળ હોય એમ તો લાગતું નથી. આપણામાં છે પણ શું? એક નાના સરખા દાડમમાં નાના બીજ રૂપે આપણું અસ્તિત્વ છે.

ચોથો દાણો—જેને ઉજ્વળા ભવિષ્યની સ્હેજ પણ આશા નથી એવું 'આપણું' જીવન છે.

પાંચમો દાણો—આપણે કોણ છીએ, એટલું પણ આપણે સ્પષ્ટ જાણતા નથી. તો ભવિષ્યમાં શું થશે અને આપણે શું થવા માગીએ છીએ એવી ભવિષ્યની નાહક ચર્ચા શા માટે કરવી.

છઠ્ઠો દાણો—ભવિષ્યમાં આપણે શું થવું છે એની બધી કલ્પના મારા મગજમાં છે. પરંતુ એ બધું સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરવું એ મારી શક્તિ બહારની વાત છે.'

હજુ દાણાઓની ચર્ચા ચાલતી જ હતી. પણ મને ભૂખ લાગી હતી અને આ ચર્ચામાં મને કાંઈ ખાસ રસ ન પડ્યો. એટલે બીજું સરસ પાકું દાડમ શોધવા હું આગળ વધ્યો.

*

૧૨ 'પંડિત કુતરો'

બિલાડીઓનું એક મોટું ટોળું રસ્તામાંથી પસાર થઈ રહ્યું હતું. એવામાં ત્યાં એક 'પંડિત' કુતરો આવી ચડ્યો. પણ બિલાડીઓ પોતાની વાતમાં એટલી બધી એકાગ્ર હતી કે પંડિતના આગમની તેમને ખબર પણ ન પડી.

પંડિત કુતરો બિલાડીઓ તરફ ઘણા આશ્ચર્યથી જોઈ રહ્યો અને તેણે જોયું કે ટોળામાંથી એક વૃદ્ધ બિલાડો ગંભીર ચહેરે બધાની આગળ આવી ઉભો રહ્યો અને કહેવા લાગ્યો. 'ભાઈઓ અને બહેનો ! પ્રાર્થના કરો. એકાગ્ર ચિત્તથી પ્રભુની પ્રાર્થના કરો. પુરેપુરી શ્રદ્ધાથી આપણે એની પ્રાર્થના કરીશું તો આકાશમાંથી ઉંદરડાનો વરસાદ જરૂર વરસશે જ.'

કુતરો આ સાંભળી મન મનમાં હસવા લાગ્યો. અને બિલાડીઓ તરફ જોઈને ગમગીન કહેવા લાગ્યો. 'આ બિલાડીઓ કેટલી બધી મૂર્ખ છે. ધર્મશાસ્ત્રનું એમને જરા પણ જ્ઞાન નથી. મોટા મોટા ઋષિઓએ લખેલા ધર્મ શાસ્ત્રોમાં મેં અને મારા વડિલોએ વાંચ્યા છે તે કેવી રીતે ભૂલી શકું ?

એ શાસ્ત્રોમાં સ્પષ્ટ લખેલું છે કે 'શ્રદ્ધા અને પ્રાર્થનાના બળ ઉપર ઈશ્વર પ્રસન્ન થઈ મુશળધાર વરસાદ વરસાવે છે. પરંતુ એ વરસાદ કદી ઉંદરડા વરસતા નથી. પણ એ વરસાદમાં મોટાં મોટાં હાડકાં અને રોટલી પડે છે !"

ક્ષેત્રે તમારા મિત્રે જ્યારે પહેલું ઈનામ મેળવ્યું, ત્યારે મારું હૃદય નાચી ઊઠ્યું, મારી તમારા સંબંધેની ભવિષ્યવાણી ખરી પડી. તમે બે અઠવાડિયાના હતા ત્યારે મેં ભવિષ્ય ભાખેલું કે 'તમે ભારતના મહાન કલાકાર થશો.''

દશ રૂપિયાની નોટ પંડિતજીના હાથમાં આપતાં આપતાં મેં પણ કૃતજ્ઞતાથી માથું ધુણાવ્યું. હવે હું પુરાણી ભાષા ભૂલીને આ દુનિયાની ભાષામાં પળોટાઈ ગયો છું.



૧૪ | 'અરે ? આ તો નટ છે'

હંસે પોતાની કન્યાના લગ્નનો વિચાર કર્યો, અને તે માટે સ્વયંવરની રચના કરી. દૂર દૂરથી પક્ષી ગણ ત્યાં આવી ગયા. [illegible]

[illegible]

[illegible]

તે આગળ વધી. કુકડુટરાજ કાગડા અને સમળા પાંખોની સુંદરતા ઉપર મુસ્તાક થઈ સ્વયંવરમાં આવ્યા હતા. પણ તેમના વિચિત્ર રૂપના લીધે પહેલેથી જ નિરાશ થયેલા હતા. હંસકુમારી આગળ વધી.

થોડે દૂર કલગીવાળો મોર ઉભો હતો. રંગીન પાંખ અને વાણી ગર્દનનું સૌંદર્ય હંસકુમારીના હૃદયમાં વસી ગયું. તેને વરમાળા પહેરાવવા તે આગળ વધી. અને હંસકુમારીનું સૌંદર્ય જોઈ મોર પણ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયો અને પ્રસન્નતા હૃદયમાં ન સમાવવાથી મોર પીંછાં ફેલાવી નાચવા લાગ્યો.

સભામાં આ રીતે મોરને નાચતો જોઈને હંસકુમારીના પગ થંભી ગયા. તે સ્વગત બોલી 'અરે! આ તો નટ છે.'

*

૧૫ | 'પણ તમારામાં ભર્યું છે શું'

એક વેપારી કેટલીક બરણીઓ લઈને જતો હતો. બરણીઓ પરસ્પર વાતો કરતી હતી. ચર્ચાએ ઉગ્ર રૂપ ધારણ કર્યું ત્યારે ધ્યાન તે તરફ ગયું અને તેણે સાંભળ્યું:—

એક બરણી—હું ચીનથી આવું છું. દુનિયાના સૌથી મોટી વસ્તીવાળા દેશમાં મારો જન્મ થયો છે. આજે એણે સામ્યવાદ અપનાવ્યો છે. અને સાઠ કરોડ લોકોના જીવન પ્રશ્નોની ગુંચ માર્ક્સના રસ્તે ઉકેલવા મથી રહ્યું છે.

બીજી બરણી—હું રશિયાથી આવું છું. વિશ્વ એનો ધો લે છે. અવકાશમાં નવા નવા ચંદ્ર છોડીને સ્પુટનિક યુગ સર્જવાનું ગૌરવ એને મળ્યું છે.

ત્રીજી બરણી—હું અમેરીકાથી આવી છું. વિશ્વના કુબેર ભંડારીઓનું તે રાષ્ટ્ર છે, દુનિયાની અડધી સંપત્તિ તેની પાસે છે.

ચોથી બરણી—હું ઇગ્લાન્ડમાં જન્મી છું. એક દિવસ અડધી દુનિયા ઉપર તેની હકુમત ચાલતી હતી.

પાંચમી બરણી—હું જાપાનની માટીમાંથી બનેલી છું. સામ્રાજ્યની આગમાં ભસ્મીભૂત થયા બાદ આજે એ દેશ ફરી ઉભો થઈ રહ્યો છે. કળાના ક્ષેત્રમાં એ દેશ ઘણો આગળ છે.

છઠ્ઠી બરણી—જે માટીમાંથી મહાવીર અને બુદ્ધ થયા. રામ, કૃષ્ણ અને હરિશ્ચન્દ્ર જન્મ્યા જેણે અહિંસા અને સત્યના જગતને શીખવ્યું છે. તે જ ભારતની માટીમાંથી હું પેદા થઈ છું. હું તે માટે ગૌરવ અનુભવું છું.

સાતમી બરણી—ભારતનું ભાગ્ય અને ગૌરવ એક દિવસ સૂર્ય સમાન ઝળહળતું હતું. પણ આજે તો ભારતમાં બે પૈસા માટે માણસ પોતાની પ્રમાણિકતા અને નીતિમત્તા વેચવા તૈયાર છે. પ્રમાણિકતા અને કળાના ક્ષેત્રમાં ભારતની કોઈ સ્થાન શોધી જડે તેમ નથી. સ્વતંત્રતાની બાદ અને નીરવ [illegible] સર્વ પ્રથમ [illegible] હતી. હું તે દેશમાંથી આવું છું.

[illegible] ભારતની [illegible] નથી [illegible]

[illegible]

૧૬ | "ભાઈ"

એક ગધેડાએ બળદને કહ્યું 'ભાઈ! આજે આ બાજુ ક્યાંથી?' 'આ નવો ભાઈ ક્યાંથી ટપકી પડ્યો!' વિચારી બળદે એ પાછળ જોયું તો પાછળ પગ ઉછાળતા ઉછાળતા દીર્ઘકર્ણને ધીમે ધીમે પોતાની તરફ આવતું જોયું. બળદે ગર્દભને છછેડાઈને કહ્યું 'જરા જોઈ વિચારીને બોલ. સરખી જાતિ અને ઉંમરનાને જ 'ભાઈ' કહેવાય છે. તારામાં અને મારામાં કેટલું બધું અંતર છે!'

ગર્દભે જવાબ આપ્યો, 'જાતિ સમાન નથી. પણ ગુણ તો સરખા છે જ. તેથી તમને 'ભાઈ' કહેવાની ઈચ્છા થઈ.'

બળદે પૂછ્યું 'કેવી રીતે?'

ગર્દભે ઉત્તર આપ્યો 'જુઓ! તમારો વર્ણ સફેદ છે. મારો વર્ણ પણ સફેદ છે. તમને પુંછડું અને ખરી છે. મારે પણ બન્ને છે. મારે શીંગડાં નથી. તો તમારે પણ તૂટી ગયા છે. આપણા બન્નેનો આહાર વિહાર પણ લગભગ સરખો જ છે. તમારા ઉપર ભાર ભરાય છે. મારે પણ બોજો વેઠવો પડે છે. માણસ કોઈના ઉપર ગુસ્સે થાય છે. ત્યારે કોઈને ગધેડો તો કોઈને બળદ કહી બોલાવે છે. હવે તમે જ કહો આપણા ગુણોમાં કેટલી બધી સમાનતા છે!'

બળદે ગંભીર થઈ કહ્યું 'બસ સમાનતા તરફ જ તારું ધ્યાન ગયું છે. ઊંડાણમાં ઉતરવા માટે તને ફુરસદ જ ક્યાં છે! જો સાંભળ! મહારાણી ત્રિશલાને ચૌદ સ્વપ્નમાં સૌથી પ્રથમ મને જ જોયો હતો. ભગવાન ઋષભદેવના ચિહ્ન તરીકે હું ઓળખાવું છું. વિવેકથી લોકો વિરજી સાથે મારી પણ પૂજા કરે છે. તમે કોની સાથે પૂજાઓ છો!'

ગર્દભ નિરુત્તર થઈ ગયો. પાછલા પગે ધૂળ ઉછાળતો ઉછાળતો તે ધીમે ધીમે ચાલ્યો ગયો.

●

૧૭ ' આવ, અંધકાર ! આવ '

એક વ્યક્તિએ કહ્યું ' આવ, અંધકાર ! આવ. દુનિયા ભલે તારી ઉપેક્ષા કરે છે. વિશ્વની અપ્રિય વસ્તુઓમાં કદાચ તારો નંબર પહેલો હશે. કવિઓ કદાચ તારા અવગુણ જ ગાતા હશે. પણ હું તો તને પ્રેમ કરું છું. તારે માટે મને માન છે. '

અંધકારે જવાબ આપ્યો ' ભાઈ ! દુનિયાએ મારી એક જ બાજુ જોઈ છે, વિચારી છે. તેથી જ મારી ઘૃણા કરે છે પણ મારા વિના પ્રકાશનું મહત્ત્વ કેટલું ? દિવસના થાક પછી દુનિયા કોના ખોળે આરામ કરે છે ? ચંદ્રની ચાંદની મારા લીધે જ ખીલે છે. દીપકનું તેજ પણ મારા સાનિધ્યમાં જ ચમકે છે. તારાઓની શોભા મારા વિના ખીલી શકતી નથી.'

વચમાં જ મનુષ્ય બોલી ઊઠ્યો ' ભાઈ એ વાત નથી. હું તો એ કહેવા માગતો હતો કે પ્રકાશમાં ઘણી ભભકદાર વસ્તુઓ જોતામાં હું મારું આત્મભાન ભૂલી જાઉં છું પણ તારું આગમન થતાં જ વસ્તુઓ, ભભક ઓસરી જાય છે. બાહ્ય ભાન ત્યાં રહેતું નથી. અને આત્મભાન હું પાછું મેળવી શકું છું. '

*

૧૮ ' જે ઊગ્યું હોય તો '

રૂએ જવાબ આપ્યો ' હે બહેન, સંપત્તિના ગર્વમાં છકેલો માણસ દુનિયાની બુરાઈઓ જ જુએ છે. સારી વસ્તુ ઉપર એની નજર ઠરે તે પહેલાં એની આંખે પાટા બંધાઈ જાય છે. પણ, બહેન જરા આંખ ઉપરના ઘેનના પડળ ઉતારીને જો તળાવમાં જો હું પડું તો તરી શકીશ. પણ તું પડી તો, સીધી તળીયાના જ દર્શન કરવાની.'

' જો મારે પરદેશ જવું હોય તો હુ સ્વતંત્ર છું. જ્યારે તારા ઉપર સેંકડો બંધન છે. પાસ પરમીટ વગર એક ડગલું પણ તું આગળ વધી શકતી નથી, અને બહેન, જો હું કોઈના ઉપર પડું તો તે મને પ્રેમથી વધાવશે. પણ જો તું કોઈના ઉપર પડી તો બિચારો તારા ભારથી દબાઈ અને કચડાઈ જઈને જીવન ગુમાવશે. ગુલાબનું અત્તર જેના માણસનું દીલ તે તરફ ખેંચાયું, તો તુરત જ તે મારી પાસે દોડી આવશે, તારી ભારેખમ પણાનો તો તેને ડર લાગશે. 'મારે ઉડવું હોય તો પવન પાંખે હું ગમે ત્યાં વિહરી શકું છું. કારણ હું હલકું છું. પણ તું...!

\#

૧૯ ' ચુલાની આત્મકથા '

તમે મને ઓળખો છો ? હું તમારા ઘરમાં જ રહુ છું. તમે ગમે ત્યાં જાવ, મને યાદ કર્યા સિવાય રહેવાય જ નહિ. જંગલમાં પણ વિખરાયેલા ત્રણ પથ્થર ગોઠવો. એટલે મારા પ્રાથમિક સ્વરૂપે હું તમારી સેવામાં હાજર થઈ જાઉં છું. ઘાસતેલ હોય તો જ મારૂં કામ ચાલે એવું કાંઈ નથી. વનના ચાર સુકા ડાંખળાંથી પણ મારૂં કામ ચાલે છે.

સંસ્કૃતિના વિકસની સાથે સાથે અમારૂં સ્વરૂપ પણ વિકસતું ચાલ્યું. ભટકતો માનવ સ્થિર થતા અમારૂ સ્વરૂપ પણ સ્થિર થયું અને માતાઓએ છાણથી લીંપી અમારી સુંદરતા વધારી અને વિજ્ઞાને અમારી કાયા લોખંડની બનાવી.

હવે તો તેલ, ગેસ, વીજળીથી પણ અમારૂં કામ ચાલે છે. અમારા એ ભાઈઓ શહેરમાં વિશેષ જોવા મળશે. સૂર્યની શક્તિથી પણ અમારૂં કામ ચાલે કે કેમ ? આવા પ્રયોગો વૈજ્ઞાનિકો ચલાવી રહ્યા છે.

કુટુંબ સંસ્થાનું હું અનિવાર્ય અંગ છું. નવા કે જુના મહેલ કે ઝૂંપડા દરેકમાં હું હોઉં છું જ. મારી ગેરહાજરીમાં કોઈ ઘરને ઘર કહી શકાય નહિ.

વરસમાં ફક્ત એક દિવસ અમને આરામ મળે છે. શીતળા સાતમનો એ પવિત્ર દિવસ અમારે આરામનો દિવસ છે. બાકી તો તપ તપીને કાચા અનાજને પાકું ખાવા લાયક બનાવવું એજ અમારા કામ છે. મારૂં નામ ચૂલો.



૨૦ 'કાગાના ગુણ
કાગા નહિ'

કોલસાએ ગંભીર થઈ પ્રત્યુત્તર આપ્યો 'મને તમારી બાલ પોશાક જોઈ હસવું આવ્યું.' વળી ઉમેર્યું—'મારી જાતને બાળીને કાળો બન્યો છું. અને જાતે કાળો બનીને પણ જગતને પ્રકાશ આપ્યો છે. પરંતુ હે ભ્રાત! તેં શું કર્યું છે? એનો કદિ વિચાર પણ કર્યો છે? તારા કપડાની આ ઉજ્જવળતા દુનિયાને કાળી બનાવીને તે મેળવી છે.' વળી ઉમેર્યું—'અરે ભાઈ! અમારો દેહ કાળો છે. પણ અમારા ગુણ કાળા નથી. દિવ્ય તેજથી જગતના દિલ આપનાર અમે જ છીએ.'



૨૧ | 'આંસુએ કહ્યું'

તે ખૂબ પ્રસિદ્ધ પ્રવચનકાર હતો. તેના પ્રવચનમાં હું પણ ગયો. ભીડના લીધે એક ખૂણામાં જઈ બેઠો. અને પ્રવચન સાંભળવા લાગ્યો. શ્રોતાઓ મગ્ન જણાતા હતા. પણ મારા મન ઉપર તેની કાંઈ જ અસર ન થઈ. બીજે દિવસે પણ હું ત્યાં સાંભળવા ગયો. અને મનને તલ્લીન કરવા ઘણા પ્રયત્ન કર્યા. પણ કાંઈ પરિણામ ન આવ્યું. આમને આમ દિવસો વીતવા લાગ્યા. મારા દીલમાં આશંકા થવા લાગી 'શું હું પથ્થર હૃદયનો છું? મને કાંઈ અસર જ કેમ નથી થતી?' હું નિષ્ફળ અને ગમગીન બની ગયો. પરિણામે મારાથી રડી દેવાયું. અને દુઃખના ગરમ ગરમ આંસુ મારા ગાલ ઉપર પડવા લાગ્યા. અને મને દુઃખી થતો જોઈને તે બોલી ઉઠ્યા 'અરે મૂર્ખ! કોણ તું રડે છે? તારે રડવું જોઈએ કે તારા ઉપદેશકે?' મારાથી પૂછાઈ ગયું 'હે પાપ પીનાર પવિત્ર આંસુઓ! ઉપદેશકે રડવું જોઈએ એમ તમો શા ઉપરથી કહો છો?

જરા મુસ્કરાતા આંસુ બોલ્યા 'ઉપદેશકે રડવું જોઈએ કારણકે અન્યાયના આસન ઉપર બેસીને તે ન્યાયના ઉપદેશ આપે છે. લસણનો અર્ક છાંટીને ગુલાબની વાતો લલકારે છે. ક્રોધમાં ધમધમતો રહીને સ્નેહ અને શાન્તિની શીતળ હવા ઇચ્છે છે."

*

૨૨ | 'ફુલના આંસુ'

ગુલાબની કાંટાળી ડાળે નવી કળી આવી. નવીન દુનિયા નીરખવા લાગી. જોતા જોતા એની દૃષ્ટિ નીચે ધૂળમાં પડેલા ફૂલ તરફ ગઈ. ફૂલ તદ્દન ગમગીન હતું અને આંખોમાં આંસુ છલકાતા હતા.

કળીથી પુછાઇ ગયું 'જીવનમાં ન રડવું' તે હવે મોત સામે શા માટે આંસુ વહાવે છે?

ફૂલે રડતા રડતા જવાબ આપ્યો 'કાલ સુધી ગુલાબી સૌન્દર્ય ઉપર હું અભિમાન કરતું હતું એ સૌન્દર્યની [illegible]

*

૨૩ | 'પહેલા પોતેજ બળે છે.'

વારંવાર કેજુને ફુંકાતિ મારતા એક દિવસે કાળુ નાને કહ્યું 'આજે હું કોઈને પણ છોડીશ નહિ. જે કોઈ મારા દુશ્મન થઈને આવશે તેને તત્કાળ હું ખતમ કરી દઈશ.'

જ્યારે તે [illegible], ત્યારે એના જ [illegible] કહ્યું 'તે દુશ્મન જોયો કે નહિ?' કાળુ બોલ્યો 'દુશ્મન [illegible] તેં [illegible] [illegible] છે! [illegible] બીજાને [illegible] કરનાર આગ પહેલા પોતે જ બળે છે.'

•

[illegible] 'રોજનું ઉઠવું અને રોજનું [illegible], તને [illegible]! આ [illegible] [illegible] કરે નહી!

[illegible] '[illegible] [illegible] [illegible] [illegible]'

'[illegible]'

•

૨૪ 'ગર્જનાનો સંદેશ'

ચોમાસાની મેઘલી રાતે ગંભીર ગર્જના સાથે વરસતી વાદળીને મેં પૂછ્યું : 'કેમ, રાણી! આટલી બધી ગર્જના શા સારુ? ગર્જના વિના પણ વરસી શકાય છે, વરસવા માટે કોઈ જાહેરાત કાંઈ જરૂર ખરી?'

વરસતી વાદળીએ ગંભીર સ્વરે ઉત્તર આપ્યો : 'તારો અને મારો પરિચય થયે વર્ષો વીત્યાં. તું મારા વિના જીવી શકતો નથી. તેં મારી પાસેથી જીવન મેળવ્યું છે, પણ જીવન જીવવાની કળા શીખ્યો નથી.' 'તું શું કહે છે? મારાથી તો કાંઈ સમજાતું નથી.' અધીર થઈ મારાથી બોલી જવાયું.

વાદળીએ ઉત્તર આપ્યો : 'અમે સાગરનાં ખારાં પાણી પીને મીઠા પાણીની ધારા વરસાવીએ છીએ. અને તું? તું અમૃત પીને, જગતને પણ ઝેર [illegible] છે.'

'આટલી વાત કરીને પણ તું આ વાત સમજ્યો નહિ, તેથી ગર્જના કરીને તને સમજાવવા આવી છું કે "કડવા ઘૂંટ પીને પણ અમૃતના ઓડકાર [illegible]."'

*

૨૫ 'નાનું એટલું [illegible]'

વિરાટ છો. પણ ક્ષમા કરો; આપ ભૂલો છો. નાનાની ઉપેક્ષા કરીને વિરાટ પણ જીવી શકતું નથી. પાણીના નાનાં નાનાં ટીપાં વિના સાગરનું અસ્તિત્વ કેવું ?'

'આપનું વિરાટ મગજ અમારા જેવા નાનાની કિંમત આંકી શકતું નથી. પણ આગનો એક નાનો જ તણખો, નાની જ ચીનગારી, વિરાટ જંગલને રાખની નાની ઢગલી બનાવી શકે છે.' નાનકડું મચ્છર વિરાટ કાય હાથીને ક્ષણ માત્રમાં ઢીલો ઢફ બનાવી શકે છે. નાના સરખા છિદ્રની ઉપેક્ષા કરવાથી વહાણના વહાણ સાગરમાં હતા ન હતા થઈ જાય છે. નાના વડના બીજની ઉપેક્ષા કરવાથી કિલ્લાની દિવાલો ચિરાઈ જાય છે. નાની સરખી બીડી મોટા મોટા યંત્રોને પણ બાળી દે છે કદમા ઘણો જ નાનો એવો આણુ બોમ્બ હજારો માઈલ સુધી સર્વનાશ વેરે છે અને તેની અસરથી સમગ્ર જગત ભયે કંપે છે.'

'નાનાને ક્ષુદ્ર સમજી તેની ઉપેક્ષા કરવાની ભૂલ ન કરો. નહિતર પસ્તાવું પડશે.'

*

૨૬ | 'વન સભા'

વનમાં ફરતા ફરતા એક દિવસ ખડખડાટ હાસ્ય મારા કાને અથડાયું. મેં ચમકીને જોયું. વૃક્ષોના મુખિયાં એકઠા મળી ટોળ ટપ્પા હાંકતાં હતાં અને વિનોદ મજાક કરતાં હતાં.

સહસા હું બોલી ઉઠ્યો, 'આ વિનોદ મજાક ક્યારથી શીખ્યાં! આજે કોની મજાક ચાલે છે!'

મારા પ્રશ્નથી તે સભામાં એકદમ શાન્તિ છવાઈ ગઈ. પણ એક

જર્જરીત મૂળે ગુસ્સાથી મોઢું સખત કર્યું અને પછી બોલ્યું : 'દરરોજ અમારા ઉપર હસનાર હે માનવ પ્રાણી! આજે અમે તારી અજ્ઞાનતા અને વિચિત્રતા ઉપર હસી રહ્યા હતા.'

'અમે જમીનમાં દટાયા છીએ અને ધૂળમાં દબાયા છીએ અને અંધારામાં રહીને પણ વૃક્ષને પુષ્ટી દેવા અને પ્રકાશ તરફ મોકલીએ છીએ. પૃથ્વીમાંથી રસ કસ ખેંચીને અમે વૃક્ષને આપીએ છીએ. અને વૃક્ષ તમને તે ફળ ફૂલ રૂપે આપે છે. પણ વિચિત્ર પ્રાણી! તમે ફળ ફૂલને પ્રેમ કરો છો અને તેની પ્રશંસાના ગીત પણ ગાઓ છો. પણ અમારી તરફ ઉપેક્ષા અને ઘૃણાથી હસો છો. વાહ રે! તમારી 'આત્મ બુદ્ધિ'! કાર્યને સ્વીકારો છો અને કારણની ઉપેક્ષા કરો છો."



૨૭ 'નદી બોલી'

[illegible] નદીના પાણી વહી રહ્યા હતા અને [illegible] પ્રકાશમાં [illegible] પણ [illegible] અને [illegible] કે પાણી [illegible] ઉછળવાનું કારણ પૂછ્યું. અને [illegible] બોલી.

'[illegible]! તું [illegible] [illegible]'

'નિર્મળ વસ્તુ તારા સંસર્ગથી મલીન બને છે, મલીન પણ અમારી પાસે આવતા ઉજ્જવળ અને પવિત્ર બને છે.'

'સ્વાર્થી માનવ ! તારા અને અમારા વિચાર અને વ્યવહારમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે. તારી સ્વાર્થી દુનિયાથી દૂર દૂર જવા માટે અમે ઉતાવળે ઉતાવળે દોડી રહ્યા છીએ.'

*

૨૮ 'સોય અને કાતર'

દરજી દુકાનેથી ઘેર ખાવા ગયો. અને સોય અને કાતર ઝઘડી પડ્યાઃ—

સોય—મોટી બહેન ! તું ચાલે છે, ત્યારે કચકચાટ કેમ કરે છે ?

કાતર—તારી માફક મુલાયમની રીતે ચાલીએ તો અવાજ ન થાય. એવી મુલાયમ ચાલ તને મુબારક હો. મારી ચાલવાની રીતથી તો દુનિયામાં મારી આબરૂ છે.

સોય—બહેન ! રહેવા દો. તમારી આબરૂ તમને મુબારક. ટુકડા કરનારની આબરૂ હું જાણું છું. ટુકડા કરનારને દુનિયા ઠોકરે મારે છે.

પણ ત્યાં દરજી આવી પહોંચ્યો. અને બન્ને ચૂપ થઈ ગયા. દરજીએ કપડું હાથમાં લીધું અને કાતર ઉપાડી. અને કાતર ચાલી અને કચ કચ કરતા કપડાના ટુકડા થઈ ગયા. અને દરજીએ કાતરને નીચે મૂકી દીધી. પછી તેણે સોય લઈ ટુકડાઓ સાંધ્યા. અને સુંદર ખમીસ તૈયાર થયું. કામ પુરું થતાં દરજીએ સોય પોતાની ટોપીમાં ખોસી દીધી.

બીજે દિવસે કાતર અને સોય મળ્યા. સોય બોલી 'જોયું ને ! બહેન ! ટુકડા કરનારનું સન્માન અને સ્થાન અને સાંધનારનું સ્થાન અને સન્માન.'

કાતર મુંગી થઈ ગઈ.

*

૨૯ | 'મારે તો એક છિદ્ર છે પણ આપને ?'

નાની બેબીએ સોય જોઈ નાખી. અને તેણી તે ગળણીની નજરે પડી. ગળણી બોલી 'અલી ! સોય ! તારે માથે છિદ્ર છે. છતાં આમ અક્કડ બનીને ચાલતા અને ફાંકી ફાંકી વાતો કરતા શરમાતી નથી !'

સોય બોલી 'બહેન ! તમારી વાત બરાબર છે. આપની દૃષ્ટિ સૂક્ષ્મ છે. એટલે નાનું છિદ્રપણ આપની સૂક્ષ્મ દૃષ્ટિમાં પડી શકે તેમ નથી. મારે તો એક છિદ્ર છે. પણ આપને ? આપે તમારી જાત તરફ દૃષ્ટિ ફેંક્યું છે ?'

ગળણી નિરુત્તર બની ગઈ.

*

૩૦ | 'તું અને હું'

સુમધુર અવાજ સાંભળીને તો ભ્રમર પણ શરમનો માર્યો ભાગી ગયો. શું વાત કરું તમારા રૂપ, સૌન્દર્ય અને અવાજની !" ચાળણી ફરી ખડખડાટ હસવા લાગી.

સૂપડું જરા ગંભીર થઈને બોલ્યું 'હા ચાળણીબેન ! મારા રૂપ રંગ ઉપર તને હસવું આવે છે. ઠીક છે. હસી લે ..પણ મારી પાસે કોઈ વસ્તુ આવે છે ત્યારે તેમાંથી સાર રૂપ હું રાખું છું અને તુચ્છ ભાગને ફેંકી દઉં છું. અને આપ સાર સાર ભાગ ફેંકી દઈ કચરો રાખી મૂકો છો...આ છે તમારા ઢંગ !'



૩૧ સૂપડું શું ઉત્તર આપે?

પ્રચંડ વાયુના વંટોળિયે ધરતીનો કણે કણ ધ્રુજી રહ્યો હતો. આકાશમાં વાદળો પણ ગરજતાં હતાં. ઝાડના પાન-ફૂલ અને ડાળી ઓ તૂટતા ફૂટતા પ્રકૃતિને ઉજાડી નાખતા હતા. અને પ્રકૃતિની ભીરુ ને નીડરો પશુઓ ધ્રુજી જતા હતા.

બીજે દિવસે તોફાન શાંત થયું. પ્રકૃતિનો રોષ શમી ગયો પણ રોષના ચિહ્નો રહી ગયા. કેટલાક વૃક્ષો સહુને જોતાં ધરાશાયી થઈ ગયા. વનરાજે ફરતા ફરતા આ જોયું તેણે બીજા પશુઓને સમજાવ્યું. 'આ વૃક્ષોના મૂળ સડી ગયાં હતાં. અથવા ખોખરાં થઈ ગયાં હતાં. તેથી તોફાનમાં ઉખડીને નાશ પામ્યા. આ બીજા વૃક્ષોનાં મૂળ મજબૂત છે. તેથી તોફાનમાં અડગ છતાં તે સ્થિર ઊભા છે, ભલે આંધી તૂફાન ઉપર છે...જ્યાં સુધી તમારા મૂળ મજબૂત છે. ત્યાં સુધી મોસમ ગમે તે હોય કે તોફાન ગમે તેવું તેય પણ તમને ઉખેડી નહિ શકે. તમે તેમાંથી પસાર થઈ શકશો.'



૩૨ 'હાસ્ય (રુદન)નું રહસ્ય'

વૃદ્ધ વનરાજને અત્યંત ધીમે ધીમે ચાલતા જોઈને વૃક્ષ ઉપર બેઠેલો વાંદરો આશ્ચર્ય પામી બોલ્યો, 'વનરાજ! આપની ગતિમાં આટલો બધો ફેરફાર શાથી?' વનરાજે કહ્યું, 'ભાઈ! પાપ કરતાં કરતાં આખું જીવન વીત્યું. પણ જીંદગીના આ અંતિમ દિવસો સુધારવા હવે સન્યાસ લઈ લીધો છે. તેથી જાણ્યા અજાણ્યા કોઈને પણ આ વૃદ્ધ શરીરથી ઈજા ન થઈ જાય તે માટે અત્યંત ધીમે ધીમે ચાલવાની પ્રતિજ્ઞા પાળું છું, ભાઈ!'

વાંદરો બોલ્યો, 'હેં! ઊભા રહો. આપ સંતના દર્શનથી આંખો પવિત્ર બની. હવે આપના ચરણ સ્પર્શથી આ દેહને પવિત્ર બનાવી દો. કૃપા કરી ઊભા રહો.'

સિંહ બોલ્યા, 'ના, ના. રહેવા દે. આ પાપી શરીરના દર્શન-સ્પર્શની વાત રહેવા દે.'

'અરે!' વાંદરો [illegible] ભક્તિ પૂર્વક બોલ્યો, 'હે! ઊભા [illegible]

વાંદરો બોલ્યો. 'હા! દેવ!'

સિંહે પુછ્યું. 'પણ આવા સમયે હાસ્યનું કાંઈ રહસ્ય છે?'

વાંદરો બોલ્યો 'દેવ! એ તો હસનાર જ જાણે છે. આપથી તે રહસ્ય મેળવી શકાય તેમ નથી.'

હાસ્યના રહસ્યને પામવાની ઉત્સુકતામાં વનરાજ જરા જોરથી હસી પડ્યો. અને મોઢું ખોલતાં જ વાંદરો છટક્યો અને આંખના પલકારામાં છલાંગ મારી વૃક્ષ ઉપર ચઢી ગયો. પછી વૃક્ષની ઉંચી ડાળે બેઠો બેઠો વાંદરો રડવા લાગ્યો. વનરાજે આશ્ચર્યથી પુછ્યું. 'અલ્યા! હવે રૂદન શા માટે?'

વાંદરો બોલ્યો 'હું મારા માટે રડતો નથી. સાધુઓને બદનામ કરનાર તમારા જેવા સાધુઓ માટે રડું છું. તમારા જેવાને લીધે સાધુ જીવન ઉપરનો ઈતબાર રહેશે નહિ. એ દુઃખે રડુ છું.'

*

૩૩ 'ગાવાનો મૂડ'

કોયલ ટહૂકતી હતી. અને કાગડો સાંભળતો હતો. કાગડી એકદમ ગુસ્સે થઈ, કાગડાને કહેવા લાગી. 'તમેય કેવા છો! આ બાંગડે છે તેમાં શું બન્યું છે? તેને નસાડી મૂકો. તે જ્યાં સુધી બાંગડે છે ત્યાં સુધી મને ગાવાનો 'મૂડ' જ આવતો નથી.'

૩૪ 'અને પછી અંધારૂં નાશ પામે છે'

અમાસની અંધારી રાતે અંધારામાં આંખો મીંચી ડરતા ડરતા નાની ચકલીએ પૂછ્યું 'હેં મા ! આ ચંદ્ર તે કેવો છે ? કોઈ દિવસ મોટો તો કોઈ દિવસ નાનો, તો વળી કોઈ દિવસ આજની માફક તદ્દન સંતાઈ જાય છે. બાપુ, આ તે કેવું ?'

'પહેલાં ચંદ્ર સુંદર હતો અને જગતને ચાંદનીથી નવડાવતો હતો. પણ પછી શાંત રહેવા લાગ્યો. ' મોટી ચકલીએ પુત્રીને જવાબ આપવા કર્યો.

'પછી શું થયું !'

'એ કાલિમાથી એની ચંદ્રિકા પણ ફીક્કી પડવા લાગી. આથી [illegible] તે [illegible] પાછો [illegible]. [illegible] ત્યારે [illegible]. [illegible] ચંદ્ર [illegible] અને તેનું [illegible] ચંદ્ર [illegible] થઈ જાય છે. ત્યારે તેનું [illegible].' એમ પુત્રીને અનુભવવાણી સંભળાવી.

૩૫ | 'ગુલામ'

એક દિવસ સેતાનનું મન કામથી કંટાળી ગયું તેણે મનોમન સન્યાસ લેવા નિશ્ચય કર્યું. અને પોતાના ગુલામો વેચવા શરૂ કર્યા. બુરાઈ, ઈર્ષા, ક્લેશ અભિમાન વગેરે બધા ગુલામોને વેચવા એક હારમા ઉભા રાખ્યા. સેતાનના ભક્તો આવતા ગયા. અને ઓળખી ઓળખીને ગુલામોને ખરીદ કરવા લાગ્યા. બધા ગુલામો વેચાઈ ગયા. પણ એક ઘરડો અને કદરૂપો ગુલામ હજુ વેચાયા વિના ઉભો હતો.

આ ઘરડા અને કદરૂપા ગુલામની કિંમત પણ બીજા ગુલામો કરતા વધારે હતી. તેથી એક ભક્તે સાહસ કરી સેતાનને પૂછ્યું : 'આ છે કોણ' છે તો ઘરડો અને કદરૂપો છતા કિંમતમાં આટલો બધો મોંઘો કેમ?'

'અરે! આ!' સેતાન હસ્યો, 'આ મારો સૌથી વધારે પ્રિય અને અનિવાર્ય ગુલામ છે. એ મારા જમણા હાથ જેવો છે. એમ ઘણા ઓછા માણસો જાણે છે. એના આધારે જ લોકોને મારા સકંજામાં ઘણી સહેલાઈથી હું ફસાવું છું.'

'હજુ પણ ન ઓળખ્યો એને? સેતાન ખડખડાટ હસીને બોલ્યો.' 'એ નિરુત્સાહ છે. નિરુત્સાહ.'

*

૩૬ | 'સિદ્ધિ'

અચાનક ફરીવાર આત્માનો સમાગમ થતા મેં પુછ્યું. 'આખર તું ઈચ્છે છે શું?' તે બોલ્યો : 'હું જ્ઞાન ઈચ્છું છું'

'શેનું જ્ઞાન?'

'જે કાંઈ આ જણાય છે તે બધાનું 'સત્'નું અને 'અસત્'નું બધાનું.'

'એ જ્ઞાન તને સિદ્ધિ પાસે પહોંચાડશે?' મેં પુછ્યું

'હા, અંદરથી અને બહારથી જેણે મને ઘેર્યો છે. તેનાથી એની મદદથી હું મુક્ત થવા ઇચ્છુ છું.' આત્માએ સરળ ભાવે જવાબ આપ્યો.

'પણ જ્ઞાનનો બોજો વધારીને પણ તું મુક્ત થઈ શકીશ?' હસતા હસતા મેં પુછ્યું.

ત્યારે તે વધારે હસ્યો 'શું જ્ઞાન પણ ભાર છે? ના, ના, તે તો રક્ષક છે, મુક્તિદાતા છે. જેમ ગરમી છોડમાં રહેલા બીજને, આનંદ કંઠમાં રૂંધાયેલા ગીતને અને કરુણા હૃદયમાં રહેલા કવિના ઉદ્‌ગારોને બહાર કાઢે છે, તેવી જ રીતે જ્ઞાન મને મુક્ત કરે છે."

*

૩૭ | 'ચાગાગજ'

શિવધનુષ્યને તોડીને ફેંકી દીધું હતું તેમ તેમ અભિમાનના ભૂક્કા ઉડાવી દીધા છે.

જરા મલકાઈને સંયમ પૂર્વક બગલો બોલ્યો. 'હે કલ્યાણી! એમ ન કહો. હું તો એક ક્ષુદ્ર પ્રાણી છું.'

નમ્ર સ્વરે હંસલી બોલી 'સિદ્ધેશ્વર! પતિતપાવન થઈને પણ તમે તમારી જાતને અધમ બનાવો છો. એ તમારી મહત્તા છે. 'हीरा मुखसे ना कहे, लाख हमारा मोल' પ્રભો! કૃપા કરીને આ સરોવરને પવિત્ર બનાવો.'

ભૂખ સતાવી રહી હતી. અને હંસલોની હાજરીમાં અસલ સ્વરૂપ પ્રગટ ન થાય તેમ બગલો ઈચ્છતો હતો. તેથી તે બોલ્યો 'દેવી! એક જ સ્થાને સંતોએ વધારે સમય રહેવું ઉચિત નથી. અધિક સહવાસથી મોહ ઉત્પન્ન થાય છે. મોહ જ સંસારનું મૂળ કારણ છે.'

'કૈલાસવાસી પ્રભો! જરા ઉભા રહો. હું મારા જીવનસાથીને બોલાવી લાવું.' હંસલી બોલી.

'હે સુલક્ષણા! મને ક્ષમા કર. સ્વેચ્છાપૂર્વક દર્શન આપવામાં આત્મ–અભિમાનની મને ગંધ આવે છે.' બગલો બોલ્યો.

'પ્રભો! આપની જેવી મરજી. પણ ઉભા રહો. મારી પીછી ભેટ સ્વીકારતા જાઓ.' હંસલી બોલી.

'ના. મધુરભાષિણી! હવે માયાજાળમાં ફરીથી હું ફસાવાનો નથી. અંતરચક્ષુ ખુલી ગયા પછી ફરીવાર મોહાંધકારમાં ભટકવાનો નથી. હે કલ્યાણી તને ધર્મ લાભ હો.' બગલો બોલ્યો. અને ચાલવા લાગ્યો.

નજર પહોંચી ત્યાં સુધી દૂર દૂર જતા બગલાને હંસલી એક ધ્યાને જોઈ રહી. હંસરાજે આ બધી વાત સાંભળી ત્યારે મહાત્માના દર્શન નહિ પામવા માટે તે જરા ખિન્ન થયો.

કેટલાક દિવસો પછી હંસનું જોડકું ફરતા ફરતા દૂર નીકળી ગયું. ત્યાં તેમની નજર યોગીરાજ ઉપર પડી. હંસલીએ તરત જ ઓળખી લીધા. અને ઝીણી નજરે જોયું તો પાણીમાં ચાંચ નાખીને કોઈ વસ્તુ યોગીરાજ ગળામાં ઉતારતા હતા. બન્ને યોગીરાજની પાસે પહોંચ્યા ત્યારે બગલાએ કહ્યું 'ભક્તોથી છાનું રાખવા જેવું શું છે? જેમ સ્થળચરોના ઉદ્ધાર માટે પહેલા અવતારો થતા હતા, તેમજ આ કળિકાળમાં જળચરોના ઉદ્ધાર માટે જ મેં આ દેહ ધારણ કર્યો છે."

નત મસ્તકે પ્રણામ કરતા કરતા નમ્ર વાણીથી હંસલા-હંસલી એ કહ્યું 'પતિતોદ્ધારક પ્રભો! આપ ખરેખર અવતારી પુરુષ છો. આ ક્ષુદ્ર પ્રાણીઓ માટે કૈલાસધામ છોડીને આ પૃથ્વીને પાવન કરવા આપ પધાર્યા છો. આપના આ પરોપકારી સ્વભાવને માટે રાત-દિવસ અમે આપને ધન્યવાદ આપીએ છીએ."

('कुछ मोती-कुछ सीप' से।)

૩૮ | 'પાડોશી જાગ્યું'

ભાઈ લક્ષ્મણ ! જરા આ બાજુ તો જો. રખેને કોઈ જીવની ઘાત ન થઈ જાય તે માટે કેવી સાવધાનીપૂર્વક ધીરે ધીરે પગલાં માંડે છે. ખરેખર પંપા સરોવરમાં આ બગલો પરમ ધાર્મિક જણાય છે.'

રામના શબ્દો માછલીના કાને પડ્યા. તેણે વિચાર્યું 'પવિત્ર માણસો બધાયને પવિત્ર જ ભાળે છે. પણ આ ઊજળી પાંખોવાળાની કાળી વાતોથી રામને મારે પરિચિત કરવા જોઈએ.' તે બોલી—

'बक: किं वर्णते राम ! तेनाहं निष्कुलीकृत ।
सहवासी विजानियात्, चरीत्रं सहवासिनाम् ॥

હે પવિત્ર હૃદયી રામ ! બગલાના શું ગુણ ગાઓ છો ? એણે તો મારા આખા કુળનો નાશ કર્યો છે તેના કાળા ચારિત્ર્યની વાતો તો સાથે રહેનાર જ જાણે, આપને શું ખબર પડે ?"

*

૩૯ 'નબળાઈનું પાપ'

એક વરુ નદીમાં પાણી પીતું હતું. થોડે દૂર ઘેટાનું એક બચ્ચું પણ પાણી પીતું હતું. ઘેટાના બચ્ચાને જોઈને વરુના મોંમાં પાણી આવ્યું: કાંઈક વિચારી તે બોલ્યું, 'અલ્યા ! મારું પાણી કેમ એઠું કરે છે ?' 'કાકા ! કાંઈક ભૂલ થાય છે પાણી તો તમારા તરફથી થઈને મારી તરફ આવે છે. કેમકે પાણીનું વહેણ તમારા તરફથી મારી તરફ આવે છે.' ઘેટાના બચ્ચાએ કોમળ સ્વરે જવાબ આપ્યો.

વિચાર કરી વરુ ફરી બોલ્યું 'ઠીક. ઠીક. પણ આજથી એક વર્ષ પહેલા મને તેં શા માટે ગાળ દીધી હતી ?'

'કાકા ? અત્યારે મારી ઉંમર ફક્ત છ મહિનાની જ છે.' ઘેટાનું બચ્ચું બોલ્યું.

કેટલાક દિવસો પછી હંસનું જોડલું ફરતા ફરતા દૂર નીકળી ગયું. ત્યાં તેમની નજર યોગીરાજ ઉપર પડી. હંસલીએ તરત જ ઓળખી લીધા. અને ઝીણી નજરે જોયું તો પાણીમાં વાંસ નાખીને કોઈ વસ્તુ યોગીરાજ ગળામાં ઉતારતા હતા. બન્ને યોગીરાજની પાસે પહોંચ્યા ત્યારે ભગવાને કહ્યું 'ભક્તોથી છાનું રાખવા જેવું શું છે? જેમ સ્થળચરોના ઉદ્ધાર માટે પહેલા અવતારો થતા હતા, તેમજ આ કળિકાળમાં જળચરોના ઉદ્ધાર માટે જ મેં આ દેહ ધારણ કર્યો છે."

નત મસ્તકે પ્રણામ કરતા કરતા નમ્ર ભાવથી હંસલા-હંસલીએ કહ્યું 'પતિતોદ્ધારક પ્રભો! આપ ખરેખર અવતારી પુરુષ છો. આ ક્ષુદ્ર પ્રાણીઓ માટે કૈલાસધામ છોડીને આ પૃથ્વીને પાવન કરવા આપ પધાર્યા છો. આપના આ પરોપકારી સ્વભાવને માટે શત-શત અમે આપને ધન્યવાદ આપીએ છીએ."

('कुछ मोती-कुछ सीप' से।)

*

૩૮ | 'પાદરથી જવાનું'

અરે ભગવન્! જ્યારે આ મનુષ્ય તો નથી. રબિને કોઈ ઉત્તરની પણ ન થઈ ત્યારે તે મને કેવી આતુરતાપૂર્વક ધીરે ધીરે પગથી માટી પી. ખરેખર પણ શરીરમાં આ જગતે પરમ ધાર્મિક જણાય છે.'

રામના ઉત્તરે માછલીના કાને પડ્યા. તેણે વિચાર્યું 'પવિત્ર મનુષ્ય ભક્તને પવિત્ર જ માને છે. પણ આ તેમનો પાપોવાળાની કાળી ચાલેથી ગમને માટે પરિચિત કરવા જોઈએ.' ને બોલ્યા—

'बकः किं वर्णिते राम ! तेनाहं निष्कुलीकृतः ।
सहचारी विजानीयात् , चरित्रं सहचारिणाम् ॥'

હે પવિત્ર હૃદયી રામ! બગલાના શા ગુણ ગાઓ છો! એણે તો મારા આખા કુળનો નાશ કર્યો છે. તેના કાળા ચારિત્ર્યની વાતો તો એની સાથે રહેનાર જ જાણે, આપને શું ખબર પડે?"

•

૩૯ 'નબળાઈનું પાપ'

એક વરુ નદીમાં પાણી પીતું હતું. થોડે દૂર ઘેટાનું એક બચ્ચું પણ પાણી પીતું હતું. ઘેટાના બચ્ચાને જોઈને વરુના મોંમાં પાણી આવ્યું; કાંઈક વિચારીને તે બોલ્યું, 'અરે! મારું પાણી કેમ એંઠું' 'કાકા! કાંઈક ભૂલ થાય છે પાણી તો તમારા તરફથી એંઠું થઈને મારી તરફ આવે છે. કેમકે પાણીનું વહેણ તમારા તરફથી મારી તરફ આવે છે.' ઘેટાના બચ્ચાએ કોમળ સ્વરે જવાબ આપ્યો.

વિચાર કરી વરુ ફરી બોલ્યું 'ઠીક. ઠીક. પણ આજથી એક વર્ષ પહેલાં મને તેં શા માટે ગાળ દીધી હતી?'

'કાકા! અત્યારે મારી ઉંમર ફક્ત ૭ મહિનાની જ છે.' ઘેટાનું બચ્ચું બોલ્યું.

'પણ પરમ દિવસે મને જોઈને તારી મા શા માટે અભિમાન કરતી હતી ? કહે જોઉં.' વરૂ ઘુરક્યું.

'મારી માને મરી ગયાને પુરા ત્રણ મહિના થઈ ગયા. કાકા !' ઘેટાના બચ્ચાએ વરૂનો ત્રીજો દાવ પણ નિષ્ફળ બનાવ્યો.

'સામે બોલતા શરમાતું નથી.' એમ કહી ગુસ્સે થયેલું વરૂ ઘેટાના બચ્ચા ઉપર તૂટી પડ્યું.

*

૪૦ / 'ભમરીની શોભા'

[illegible]

મેલા બનેલા મનની ચિંતા કર. અને ફુરસદ મળે તો જરા સ્વાશ્રયી બનવાનો પ્રયત્ન કર. સારાની પાસે બેસવું હોત તો મન પણ સારૂ બનાત. ક્ષુદ્ર સ્વાર્થી રહીશ તો બધેથી ધિક્કાર જ મળશે.'

મધમાખી તો પોતાના રસ્તે પડી. પણ ભમરી મનોમન ગણગણતી રહી.

*

૪૧ 'ઉજ્જડ શાથી ?'

હંસનું એક યુગલ ઉડતું ઉડતું વેરાન પ્રદેશમાંથી પસાર થતા થાકયું. તેમણે ત્યાં એક વૃક્ષ ઉપર આરામ કર્યો, અને રાત્રી ત્યાં ગાળવા વિચાર્યું. થોડે દૂર ઘુવડ બેઠું હતું. તેને જોઈને હંસલાએ હંસલીને કહ્યું. 'આ બધુ ઉજ્જડ દેખાય છે તેનું કારણ તું જાણે છે ?' હંસલીએ માથુ ધુણાવ્યું ત્યારે હંસલો ઘુવડ તરફ ઈશારો કરતા બોલ્યો. 'વિનાશના કારણ આ પક્ષીઓ છે. જ્યાં એના પગલા પડે છે, ત્યાં સર્વ નાશ જ થાય છે.' ઘુવડે આ સાંભળ્યું, તેનું હૃદય વિંધાવા લાગ્યું. પણ જવાબ આપવાનો યોગ્ય અવસર ન હતો તેથી કડવો ઘુંટડો ઉતારી ગયું. મૌન રહ્યું.

રાત વીતી પ્રભાત થતાં આગળ પ્રયાણ કરવા હંસ યુગલ તૈયાર થઈ રહ્યું હતું. ત્યારે ઘુવડે હંસલીને પકડીને હંસલાને કહ્યું. 'એને કયાં લઈ જાય છે ? એ તો મારી પત્ની છે.' હંસલો બોલ્યો. 'શા માટે મશ્કરી કરો છો ? હંસલી કદિ ઘુવડની પત્ની થઈ શકે ?'

ઘુવડ બોલ્યું. 'આજે બધુ જ શક્ય છે. બધુ જ બની રહ્યું છે. જો તમને મારી વાતમાં વિશ્વાસ ન બેસતો હોય તો ન્યાય કરાવી શકો છો.'

હંસલો ન્યાય કરાવવા કબુલ થયો બન્ને પંચાયત ઓફિસે ગયા. અને હંસલે ફરિયાદ નોંધાવી.

પંચોએ વિચાર્યું. 'હંસલો પરદેશી છે. આજે છે અને કાલે ઉડી જશે. ઘુવડ આપણું પાડોશી છે. તેને નાખુશ કરવું એ પણ ખોટું છે. પણ એનો પક્ષ લેતા સત્યનું ખૂન થાય છે. એ પણ ખોટું છે.' આમ પંચ દ્વિધામાં કાંઈ પણ નિર્ણય ન કરી શક્યું. ત્યારે પ્રમુખે પંચોને ખાનગીમાં મસલત કરવા બોલાવી સમજાવ્યું— 'ભાઈઓ તમારી દ્વિધા હું સમજું છું. પણ રાષ્ટ્ર પ્રત્યે પણ આપણી એક ફરજ છે. ન્યાય મળતા હંસલો હંસલીને લઈને ચાલ્યો જશે. માટે રાષ્ટ્રને ખાતર પણ હંસલીને જો રોકી રાખીએ તો ભવિષ્યમાં દેશમાં ઘુવડોને બદલે હંસો જ હંસો જોવા મળશે. રાષ્ટ્રહિત સૌથી મહાન છે—'

બંધ પંચો બહાર આવ્યા અને ફેંસલો સંભળાવ્યો—'હંસલી [illegible]

૪૭ | મારા વિના તું અધુરો છે

વાત ઘણી જુની છે.

એક દિવસે સૂર્યે ચંદ્રને ધમકાવતાં કહ્યું–' અરે મૂર્ખ ! હમેશા મારી પાછળ જ શા માટે ચાલે છે ! કોઈ દિવસ એક ડગલું આગળ તો વધ હમેશા બીજાના તેજે ચમકતા તને શરમ નથી આવતી ?

સૌમ્ય દૃષ્ટિથી સૂર્ય તરફ જોઈ ચંદ્ર બોલ્યો–' હે સૃષ્ટિના શાસક ! જે દિવસે તારી પાછળ ચાલવાનું હું છોડી દઈશ, તે દિવસે તારી સત્તા નાશ પામશે. માટે એટલો મદ ન કર. મારા વિના તું અધુરો છે. તું કર્તવ્ય છે તો હું પ્રેમ છું. બન્ને પરસ્પર આવશ્યક છે. બન્નેના સહયોગ વિના શાસન દોષિત બને છે. દોષિત સૃષ્ટિના શાસક !

કર્તવ્યના પવિત્ર પગલે જીવન માર્ગ ઉપર તું ભ્રમણ કરે છે. અને હું પાછળ પાછળ આવીને એના ઉપર ચંદન છાંટું છું.

*

૪૮ | ' બે ફુલ '

વનના એકાંત ખૂણામાં બે ફુલ મહેકતા હતા એક થોડા સમય પહેલા જ દુનિયામાં આવ્યું હતું. બીજું દુનિયાનો માર્ગ વટાવીને નીચે ઘાસ ઉપર પડ્યું હતું. અને ત્યાં પડ્યું પડ્યું નવ વિકસિત ફુલનું હાસ્ય ઈર્ષાથી જોઈ રહ્યું હતું. તેની સાથેના પતંગીયા–ભમરા ભરતાના નાચ-કૂદ અને મસ્તી તેનાથી ન જોઈ શકાયા. આ બધું જોઈ જોઈને તે ઈર્ષાથી સળગતું ઘાસ ઉપર આમ તેમ આળોટતું

પડ્યું રહ્યું. રાત પડી તો પણ તેને ચેન ન પડ્યું. તેની વ્યાકુળતા કાયમ રહી. વાદળા પણ તેના દુઃખે દુઃખી થઈ રડ્યા.

પરંતુ એ શીતળ વર્ષા ધારાથી પણ દીપી એ સળગતું હૃદય શાન્ત ન થયું. પણ એવામાં હસતા ફૂલનું પાંદડું ખર્યું અને નીચે પડેલા ફૂલનું કરમાયેલાં મુખ ઉપર હાસ્ય રેલાયું.

ઘાસ ઉપર રહેલા પાણીના ટીંપાએ આ જોયું અને તે બોલ્યું "કાલે તું પણ કરમાયેલા ફૂલોને જોઈને હસતું હતું. ત્યારે તને ધીમેથી કાનમાં કહ્યું હતું – 'આટલો અભિમાન ન કર કેટલાય ફૂલો ખીલી ખીલીને ખરી ગયા.' પરંતુ તે કાને પણ સાંભળ્યું નહિ. આજે તારી દશા [illegible] છે. અને તારા નાના બાળકનું [illegible] જોઈ બળે છે. તેમજ તેના [illegible] આનંદ પામે છે. આવા દીપીની ટેવ તો મનુષ્યમાં હોય છે. [illegible] મનુષ્યનો પડછાયો તારા ઉપર પડ્યો છે કે શું ?"

'મનુષ્યનો પડછાયો [illegible] તારા ઉપર પડ્યો છે [illegible]

[illegible]

([illegible])

૯ ' પશુ સમેલનમાં એક અવાજ '

નેપાળની તળેટીમાં મોટું પશુ-સમેલન ભર્યું હતું. વનરાજ સિંહ પ્રમુખ સ્થાને હતો. સમેલનની શરૂઆત સ્વાગત પ્રમુખ તાના જોરદાર ભાષણથી થઈ.

શિયાળરાજ, કુકડુરરાજ વગેરેના ભાષણના અંતે પ્રમુખ મહારાજ ઊઠયા અને બોલ્યા–' ભાઈઓ! આજના આ સમેલનમાં સભાના મુખ્ય પ્રશ્નો તરફ હું તમારું ધ્યાન દોરવા માગું છું. મને આશા છે કે તમે બધા મારી વાત ધ્યાનપૂર્વક સાંભળશો.

' ભાઈઓ! સરકારી અને રાજ્ય કહેવાતો મનુષ્ય આજે આપણું હિતની વિરૂદ્ધ કામ કરી રહ્યો છે. આપણે રહેવાના શાન્ત અને ગાઢા જંગલો તે કાપી રહ્યો છે. પરિણામે આપણી વસ્તીનો પ્રશ્ન ઘણો ઉગ્ર બન્યો છે. બીજી તરફ આપણી આઝાદી પણ તે છીનવી લે છે અને પોતાના મનોરંજન માટે આપણને પ્રાણીઘર રૂપી કેદખાનામાં પૂરે છે. અને પછી ત્યાં આપણી પરાધીનતા અને લાચારીની મશ્કરી કરે છે. તો વળી કેટલાક આપણા જેવા નિઃશસ્ત્ર ઉપર ભયંકર હથિયાર લઈ તૂટી પડી આપણી હત્યા કરે છે અને ખુશી થાય છે. અને આ માટે તે પોતાને મોટો વીર કહેવરાવે છે. આ બધાને પરિણામે આપણી વસ્તીમાં ઘણો ઘટાડો થઈ રહ્યો છે. વળી આ શિકારરૂપી હત્યાનું બીજું દુષ્ટ પરિણામ એ આવ્યું છે કે દિવસે દિવસે આપણા ખોરાકનો પ્રશ્ન પણ વધારે ને વધારે વિકટ બનતો ગયો છે.'

ચિત્તો બોલ્યો, ' ભાઈઓ! તે મનુષ્ય આપણને ક્રૂર કહે છે. પણ એની ક્રૂરતાથી તો દુનિયા કંપી ઊઠી છે. એણે આપણા મહાપુરુષો સાથે કેવો સારો વ્યવહાર કર્યો છે! જેને તે પૂજે છે, તેને દિવસ આથમતા (કામ પતી જતા) ગોળીનો શિકાર પણ બનાવે છે.

અહિંસાનો સંદેશ વહેવડાવનાર સાથે આવો વ્યવહાર હોય તો પછી આપણી તો વાત જ શી?'

ગજરાજ બોલ્યા, 'ભાઈઓ! ચિન્તા ન કરો. એના દિવસો હવે ભરાઈ ગયા છે. એની સંહાર વૃત્તિ હદ ઓળંગી ગઈ છે. આપણો શિકાર કરતા કરતા હવે તે પોતાના ભાઈઓને શિકાર કરવા તૈયાર થઈ ગયો છે. એણે વિનાશની વિશાળ યોજનાઓ બનાવી છે. મહા-ભયંકર વિનાશકારી શસ્ત્રો પણ એણે બનાવ્યા છે.'

